# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૯૮૯-૨ તારીખ : ૧૭ - ૦૨ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી નયનાબેન જીતુભાઈ કુકડીયા
C/o રાજલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ, શિવ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પ્લોટ નં. ૧૨ પૈકી ,
મું. પો. : વાવડી, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૭૬૨૧૦૨૩૦૮૨

વિષય : ૩ ફેઝ ઇન્ડસ્ટ્રીયલ કનેક્શનમાં નામ ફેરફાર કરવા બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૫/ક્વા-૪/૨૨-૨૩/ ૪૪૭-૮ તા. 17-02-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૫/ક્વા-૪/૨૨-૨૩, તા.૧૨-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી નયનાબેન જીતુભાઈ કુકડિયા, ગામ: વાવડી

રજૂઆત કરનાર : અરજદારના પ્રતિનિધિ તરીકે શ્રી યોગેશભાઈ શંભુભાઈ જીણજા

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી સી.પી. ચાવડા, અધીક્ષક હિસાબનીશ, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર -૩

## ::કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૩.૦૨.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩.૦૨.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અજદારશ્રી નયનાબેન જીતુભાઈ કુકડીયા C/o રાજલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ, શિવ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વાવડી ખાતે ગ્રાહક નં. ૩૪૫૧૪/૦૦૫૪૧/૦ થી ઇન્ડસ્ટ્રીયલ કનેકશન ધરાવે છે. અરજદાર દ્વારા નીતિનભાઈ તુલસીભાઈ સોરઠીયાના નામ પર થી કુકડિયા નયનાબેન જીતુભાઈ નામ પર બદલવા માટેની અરજી કરેલ છે. સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારની જૂની ફાઈલમાં સૂચિત સોસાયટીનુ પ્રમાણપત્ર પ્લોટ નં. ૧૧ નું આવે છે. અરજદાર દ્વારા રજુ કરેલ દસ્તાવેજમાં સૂચિત ફાઈલમાં પ્લોટ નં. ૧૨ છે. જયારે ૨૦૦૭ માં નવા કનેકશન માટેની અરજી કરેલ ત્યારે પ્લોટ નં. ૧૧ નુ પ્રમાણપત્ર રજુ કરીને અરજી કરેલ હશે જે ભુલ સુધારી અરજદારને હાલ પ્લોટ નં. ૧૨ મુજબ કરી આપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત વાવડી અર્બન સબડીવીઝનના ગ્રાહક નં-૩૪૫૧૪/૦૦૫૪૧/૦ થી ૮.૫ કીવોનું ઔદ્યોગિક વીજજોડાણ શ્રી નીતિન તુલશીભાઈ સોરઠીયાના નામ પરથી શ્રી કુકડિયા નયનાબેન જીતુભાઈના નામે નામબદલી કરવા તા.૧૪.૧૨.૨૦૨૨ ના રોજ રસીદ નં ૨૪૩૧૧૨ થી અરજી કરેલ. જે અનુસંધાને સદર પ્રપોઝલ તા.૨૭.૧૨.૨૦૨૨ ના રોજ વિભાગીય કચેરીને મોકલાવેલ હતી જેમાં પ્લોટ નંબરમાં ફેરફાર હોવાથી જરૂરી પૂર્તતા કરવા જણાવેલ છે.

3.૧ સદર વીજજોડાણની મૂળ ફાઈલ ચકાસણી કરતા વાવડીના રેવ સર્વે નં ૪૮ પૈકી પ્લોટ નં ૧૧ પૈકી માં તા.૦૩.૦૪.૨૦૦૬ માં નીતિનભાઈ તુલશીભાઈ સોરઠીયાના નામથી રીલીઝ થયેલ હતું જેનું માપ ૧૩૩.૩૩ ચોરસવાર છે અને સદર સ્થળ સૂચિત સોસાયટી છે.

3.૨ તા.૦૭.૦૮.૨૦૧૪ ના રોજ રૂ.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર નોટરાઈઝ લખાણથી ઉભા ઇમલાનું મિલકત હસ્તાંતર થયેલ છે અને હાલના માલિકશ્રી કુકડિયા નયનાબેન જીતુભાઈ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વાવડી સબડીવીઝન દ્વારા રીલીઝ થયેલ વીજજોડાણ રેવ. સર્વે નં ૪૮ પૈકી પ્લોટ નં ૧૧ માં આપેલ જયારે નામ તબ્દીલ માટે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં રેવ. સર્વે નં ૪૮ પૈકી પ્લોટ નં ૧૨ પ્લોટ ૧૩૩.૩૩ ચોરસવાર છે, જેના પરથી સ્પષ્ટ થાય છે કે વીજજોડાણ આપ્યું ત્યારબાદ પ્લોટના કોઈ ભાગ પડેલ નથી આમ, પ્લોટ નંબરમાં ફેરફારને કારણે નામ તબ્દીલ થયેલ નથી.

3.3 ઉપરોક્ત બાબત ગ્રાહકના પ્રતિનિધિશ્રી જીતુભાઈને વાવડી સબડીવીઝન દ્વારા રૂબરૂ જાણ પણ કરવામાં આવેલ અને એ બાબત ગ્રાહકશ્રીની જાણમાં છે અને તે બાબતે સહી પણ કરી આપેલ છે અને પ્લોટનં ના ફેરફાર બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા આપેલ નથી જેના કારણે નામ તબ્દીલ થયેલ નથી.

## ::હુકમ::

૪.૦ અરજદાર તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી નયનાબેન જીતુભાઈ કુકડીયા C/o રાજલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ, શિવ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વાવડી ખાતે શ્રી નીતિનભાઈ તુલશીભાઈ સોરઠીયાના નામે ગ્રાહક નં. ૩૪૫૧૪/૦૦૫૪૧/૦ થી ૮.૫ કીવોનું ઇન્ડસ્ટ્રીયલ કનેકશન ધરાવે છે.

૪.૨ અરજદાર દ્વારા સદર વીજજોડાણમાં નીતિનભાઈ તુલશીભાઈ સોરઠીયાના નામ પરથી તેઓના નામ પર નામ બદલી કરવા જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૪.૧૨.૨૦૨૨ ના રોજ રસીદ નં ૨૪૩૧૧૨ થી અરજી કરેલ. ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર અરજીની ચકાસણી કરતા હાલના વીજજોડાણની મૂળ કેસ ફાઈલ વેરીફાય કરતા જગ્યાના દસ્તાવેજી પુરાવામાં સર્વે નંબર :૪૮ પૈકી પ્લોટ નં -૧૧, ૧૩૩.૩૩ ચોરસવારમાં વીજજોડાણ રીલીઝ કરેલ છે, પરંતુ અરજદાર દ્વારા રજુ કરેલ જગ્યાના દસ્તાવેજીક પુરાવામાં સર્વે નંબર :૪૮ પૈકી પ્લોટ નં -૧૨, ૧૩૩.૩૩ ચોરસવાર જગ્યા નોંધાયેલ છે. તેમજ તેને સંલગ્ન રાજકોટ મહાનગર પાલિકાની વેરા પહોચ તા.૩૧-૧૨-૨૦૨૨ ની રજુ કરેલ છે તેમાં નામ – નયનાબેન જીતુભાઈ કુકડીયા અને સરનામું – "ન્યુ રાજલક્ષ્મી ઇન્ડ", શિવ ઇન્ડ. એસ્ટેટ (સૂચિત) વાવડી, **SR NO 48/P PLOT NO.12/P VAVDI** નોંધાયેલ છે. આમ, સદર પ્લોટ નંબરમાં ફેરફારને કારણે અરજદાર દ્વારા કરેલ નામબદલીની અરજી તબ્દીલ થઇ શકે નહિ જેની જાણ અરજદારના પ્રતિનિધિ શ્રી જીતુભાઈને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા રૂબરૂમાં જાણ કરતા અરજદારે સહી પણ કરી આપેલ છે.

વધુમાં, અરજદાર દ્વારા લાગુ પડતી જગ્યાના દસ્તાવેજી પુરાવા આપેલ નથી જેના કારણે પીજીવીસીએલ દ્વારા નામ બદલીની અરજી ગ્રાહ્ય રાખેલ નથી, જે નિયમાધીન યોગ્ય છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબની વિગતે, અરજદારની સદર નામબદલીની અરજી ફોરમ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. આમ, અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.